# વપરાશની શરતો

*Disclaimer: In the event of any discrepancy or conflict in the translated version, the English version will prevail over the translation.*

આ કરાર એવા નિયમો અને શરતો સ્થાપિત કરે છે જે "www.paisabazaar.com" વેબસાઇટ અને તેમની મોબાઇલ એપ્લિકેશન (સંયુક્ત રીતે "વેબસાઇટ" તરીકે સંદર્ભ આપેલ છે)ના ઍક્સેસ અને વપરાશને લાગુ પડે છે, જેને પૈસાબજાર માર્કેટિંગ એન્ડ કન્સલ્ટિંગ પ્રાઇવેટ લિમિટેડ (હવે આગળ સંયુક્ત રીતે "કંપની" / "પૈસાબજાર" રૂપે સંદર્ભ આપવામાં આવશે) દ્વારા સંચાલિત અને ઓપરેટ કરવામાં આવે છે, જેની ભારતીય કાયદાઓ હેઠળ સ્થાપના અને કંપનીઝ એક્ટ, 1956 હેઠળ નોંધણી કરવામાં આવી છે.

આ દસ્તાવેજ/કરાર ("કરાર" તરીકે સંદર્ભ આપવામાં આવ્યો છે) ઇન્ફોર્મેશન ટેક્નૉલોજિ એકટ, 2000ની દૃષ્ટિએ એક ઇલેક્ટ્રોનિક રેકોર્ડ છે અને કમ્પ્યુટર સિસ્ટમ દ્વારા તૈયાર કરે છે અને તેમાં ભૌતિક અને ડિજિટલ સહીની જરૂર પડતી નથી. આ દસ્તાવેજ ઇન્ફોર્મેશન ટેક્નૉલોજિ (મધ્યવર્તી માર્ગદર્શિકા) 2011ના નિયમ 3ની જોગવાઇઓ અનુસાર પ્રકાશિત કરવામાં આવ્યો છે જે આ વેબસાઇટને ઍક્સેસ અથવા વપરાશ કરવામાં રાખવી પડતી જરૂરી કાળજી પૂરી પાડે છે.

આ વેબસાઇટને ઍક્સેસ કરતી વખતે અથવા આ વેબસાઇટ પર તમારી માહિતી આપવા દ્વારા, વપરાશકર્તાઓ (હવે આગળ "તમે" અથવા "તમારું" રૂપે સંદર્ભ આપેલ છે) આ ટર્મ્સ ઓફ યુઝ ("TOU") દ્વારા બંધાવા સંમત થાઓ છો. ગોપનીયતા નીતિ અને ડિસ્કેલમર (જાહેર ઇનકાર) સાથે-સાથે આ કરાર તમારી સાથેના અમારા સંબંધને વર્ણવે છે જે આ વેબસાઇટ દ્વારા પૂરી પાડવામાં આવતી કોઇ ચોક્કસ સેવાને લાગુ પડતા નિયમો, માર્ગદર્શિકા, નિયમો અને શરતોને આધિન રહેશે અને તેમને આ TOUમાં આવરી લીધા હોવાનું માનવામાં આવશે અને તેમને આ TOUનો એક ભાગ માનવામાં આવશે.

આ TOUના નવીનતમ સંસ્કરણની સમીક્ષા કરવા માટે સમયાંતરે આ પેજ તપાસવાનું સુનિશ્ચિત કરો. આગોતરી સૂચના આપ્યા વિના અમારી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર કોઇપણ સમયે અમે આ TOUમાં બદલાવ કરવાનો અથવા અન્ય રીતે ફેરફાર કરવાનો અધિકાર આરક્ષિત રાખીએ છીએ અને આ વેબસાઇટના ઍક્સેસ અને વપરાશ ચાલુ રાખવો એ અપડેટ અથવા ફેરફાર કરેલા TOUની તમારી સ્વીકૃતિને દર્શાવે છે.

કૃપા કરીને આ નિયમો અને શરતો કાળજીપૂર્વક વાંચો. અહીં સમાવિષ્ટ શરતોની તમારી સ્વીકૃતિ અહીં નીચે વર્ણવેલા ઉદ્દેશ માટે તમારી અને કંપની વચ્ચેના કરારનું નિર્માણ કરે છે.

**1. સેવાઓનું વર્ણન અને સ્વીકૃતિ**

-

કંપની આથી તમને મુખ્યત્વે અમુક નાણાકીય ઉત્પાદનો/સેવાઓ વિષેની માહિતીનું ઍક્સેસ આપે છે જેમાં લોનની સુવિધા, ક્રેડિટ કાર્ડની સુવિધા, સેવિંગ્સ એકાઉન્ટ, ફિક્સ્ડ ડિપોઝિટ અને મ્યુચ્યુઅલ ફંડ (સંયુક્ત રીતે "સેવા/સેવાઓ" તરીકે સંદર્ભ આપેલ છે) જેવી રોકાણ સેવાઓ સમાવિષ્ટ છે, પરંતુ તે એટલા સુધી જ મર્યાદિત નથી. પૈસાબજાર મ્યુચ્યુઅલ ફંડ સંબંધી રોકાણ સેવાઓ સાથે-સાથે લોન, ક્રેડિટ કાર્ડ સુવિધા, સેવિંગ્સ એકાઉન્ટ, ફિક્સ્ડ ડિપોઝિટની સેવા પૂરી પાડે છે. તે ઉપરાંત, કંપની તૃતીય પક્ષની સેવાઓ પૂરી પાડી શકે છે જેમાં ક્રેડિટ તપાસવાની સેવાઓ સમાવિષ્ટ છે પરંતુ તે એટલા સુધી જ મર્યાદિત નથી અને સેવાઓ ("આનુષંગિક સેવાઓ")ની તમારી પસંદગી સાથે જોડીને તૃતીય પક્ષની સાઇટો (દા.ત. બેંકની સાઇટ વિગેરે) દ્વારા તમારી માહિતી પાછી મેળવવા અથવા ઉપયોગ કરવા માટે કોઇપણ અન્ય સેવાઓ પૂરી પાડી શકે છે. ઉપર જણાવેલી સેવાઓ અને આનુષંગિક સેવાઓ વ્યાવસાયિક રીતે વાજબી પ્રયત્નના આધારે પૂરી પાડવામાં આવે છે અને તમે સંમત થાઓ છો કે ઉપર ઉલ્લેખ કરેલી સેવાઓ પ્રાપ્ત કરવા માટેની તમારી સહભાગીતા સંપૂર્ણરીતે તમારી ઇચ્છા અને સંમતિથી છે.

તમારો સમય-સમય પરનો આ સેવાઓ અને આનુષંગિક સેવાઓનો નિરંતર ઉપયોગ TOUની સ્વીકૃતિનું પણ નિર્માણ કરશે જેમાં તેમાં કરેલા કોઇપણ અપડેશન અથવા ફેરફાર સમાવિષ્ટ છે અને અહીં વ્યાખ્યાયિત કરેલી જોગવાઇઓ અનુસાર આ કરારને સમાપ્ત કરવામાં ના આવે ત્યાં સુધી તમે આ કરાર દ્વારા બંધનકર્તા રહેશો.

તમે સંમત થાઓ છો અને કંપનીને, સંયુક્ત માર્કેટિંગના ઉદ્દેશો/વિવિધ પ્રકારની સેવાઓ આપવા/રિપોર્ટ તૈયાર કરવા અને/અથવા તમારા દ્વારા પસંદ કરવામાં આવેલી સેવાઓ સાથે જોડીને અથવા અન્યથા તમને વિવિધ પ્રકારની મૂલ્યવર્ધક સેવાઓ પૂરી પાડવા સમાન સેવાઓ માટે, તેમની ગ્રુપ કંપનીઓ અને બીજા તૃતીય પક્ષો સાથે તમારી માહિતી શેર કરવાની અધિકૃતતા આપો છો. તમે કંપની અથવા તેમના તૃતીય પક્ષના વેન્ડરો/વેપારી ભાગીદારો/સંલગ્ન માર્કેટિંગ કંપનીઓ તરફથી ઈમેલ, ટેલીફોન અને/અથવા SMS દ્વારા સેવાઓ/આનુષંગિક સેવાઓના અપડેટ, માહિતીવાળા/પ્રમોશલ ઈમેલો અને/અથવા ઉત્પાદનની જાહેરાતો સંબંધી માહિતી પ્રાપ્ત કરવા સંમત થાઓ છો. આ સંદર્ભમાં, તમારા દ્વારા આપવામાં આવેલ નંબર TRAIના નિયમો હેઠળની DND/DCPR સૂચિ હેઠળ હોવા છતાં પણ તમે તે નંબર પર બધી માહિતી મેળવવા સંમત થાઓ છો અને સંમતિ આપો છો. અને તે ઉદ્દેશ માટે, તમે આગળ કંપનીને કોઇપણ તૃતીય પક્ષના સેવા પ્રદાતા અથવા કોઇપણ સંલગ્ન કંપની, તેમની ગ્રુપ કંપનીઓ, અધિકૃત એજન્ટો સાથે તે માહિતી શેર/જાહેર કરવાની અધિકૃતતા આપો છો.

અમારી કાનૂની જવાબદારીઓના પાલન, તકરારોના નિકલા અને સેવાઓ અને આનુષંગિક સેવાઓ પૂરી પાડવા માટે કરવામાં આવેલા કરારો લાગુ કરવા કંપની જરૂરીયાત અનુસાર તમારી માહિતી સાચવી રાખશે અને તેનો ઉપયોગ કરશે.

**2. લાઇસન્સ અને વેબસાઇટનું ઍક્સેસ**

-

તમે સ્વીકારો છો અને સંમત થાઓ છો કે કંપની કોઇપણ બૌદ્ધિક મિલકતના અધિકારો સહિત આ સેવાઓમાં અને સંબંધી બધા કાનૂની અધિકાર, હક અને હિતની માલિકી ધરાવે છે, જે આ સેવાઓમાં અસ્તિત્વ ધરાવતા હોય (પછી ભલે તે અધિકારોની નોંધણી કરેલી હોય કે નહીં). તમે આગળ સ્વીકારો છો કે આ સેવાઓમાં એવી માહિતી સમાવિષ્ટ હોય શકે છે જેને કંપની દ્વારા ગોપનીય વર્ણવવામાં આવી હોય અને તેવી માહિતીને તમારા દ્વારા કંપનીની આગોતરી લેખિત સંમતિ વિના જાહેર કરવામાં આવવી જોઇએ નહીં. આ વેબસાઇટની સામગ્રીઓ જેમાં તેનો "દેખાવ અને અનુભવ" (દા.ત. લખાણ, ગ્રાફિક, ચિત્રો, લોગો અને બટન આઇકન), ફોટાઓ, સંપાદકીય સામગ્રી, સૂચનાઓ, સૉફ્ટવેર અને અન્ય સામગ્રી કંપની અને/અથવા તેમના તૃતીય પક્ષના સેવા પ્રદાતાઓ/તેમના લાઇસેન્સરોની માલિકીની છે/લાઇસન્સ આપવામાં આવ્યું છે અને લાગુ પડતા કૉપિરાઇટ, ટ્રેડમાર્ક અને અન્ય કાયદાઓ હેઠળ તેને સુરક્ષિત કરવામાં આવતી સામગ્રી સમાવિષ્ટ છે.

કંપની તમને આ વેબસાઇટ, સેવાઓ અને આનુષંગિક સેવાઓના ઍક્સેસ અને વપરાશ કરવાનું મર્યાદિત લાઇસન્સ આપે છે. આ લાઇસન્સમાં અન્ય કોઇ વ્યક્તિ, વેન્ડર અથવા અન્ય કોઇ તૃતીય પક્ષના ફાયદા માટે કોઇપણ પ્રકારની માહિતી ડાઉનલોડ કરવાનું અથવા કૉપિ કરવાનું સમાવિષ્ટ થતું નથી અથવા તેમાંથી અન્ય કામ ઉત્પન્ન કરવા, તેમાં ફેરફાર કરવાનું, રિવર્સ એન્જિનિયર કરવાનું, રિવર્સ અસેમ્બલ કરાવનું અથવા અન્યથા કોઇ સૉર્સ કોડ શોધવાનું, વેંચવાનું, આપવાનું, પેટાલાઇન્સ આપવાનું, આ સેવાઓ સંબંધી સુરક્ષા હિતની અનુમતિ આપવી અથવા અન્યથા કોઇ અધિકાર હસ્તાંતરિત કરવાનું સમાવિષ્ટ નથી. તમારો કોઇપણ અનધિકૃત વપરાશ તમને આપવામાં આવેલી પરવાનગી અથવા લાઇસન્સનો અંત કરશે.

આ વેબસાઇટના વપરાશ દ્વારા તમે આમ ના કરવા સંમત થાઓ છો: (i) આ વેબસાઇટ અથવા તેની સામગ્રીઓનો કોઇ વ્યાવસાયિક ઉદ્દેશ માટે ઉપયોગ કરવો; (ii) માંગની અપેક્ષાએ કોઇ સટ્ટાકીય, ખોટી અથવા કપટપૂર્ણ ટ્રાન્ઝેક્શન કરવું અથવા એવું અન્ય ટ્રાન્ઝેક્શન કરવું; (iii) અમારી સ્પષ્ટ લેખિત પરવાનગી વિના કોઇપણ ઉદ્દેશ માટે કોઇ રોબોટ, સ્પાઇડર, સ્ક્રેપર અથવા અન્ય સ્વચલિત અથવા મેન્યુઅલ પ્રક્રિયા દ્વારા આ વેબસાઇટની કોઇપણ સામગ્રી અથવા મહિતીને ઍક્સેસ, મોનિટર અથવા કૉપિ કરવી; (iv) આ વેબસાઇટ પર કોઇપણ રોબોટ એક્સક્લુઝન હેડર્સના પ્રતિબંધોનું ઉલ્લંઘન કરે અથવા આ વેબસાઇટના ઍક્સેસને રોકવા અથવા મર્યાદિત કરવા કાર્યરત અન્ય પગલાંઓને બાયપાસ અથવા પ્રતિબંધિત કરવા કે અવરોધવા; (v) એવું કોઇ પગલું લેવું જે અમારી

વિવેકબુદ્ધિ મુજબ અમારા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર ગેરવાજબી અથવા અપ્રમાણસર મોટો લોડ લાદે અથવા લાદી શકે; (vi) અમારી સ્પષ્ટ લેખિત પરવાનગી વિના કોઇપણ ઉદ્દેશ માટે આ વેબસાઇટ (મર્યાદા વિના, કોઇપણ સેવા માટે કોઇપણ ખરીદી પાથ સહિત)ના કોઇપણ ભાગમાં ડીપ-લિંક તૈયાર કરવી; અથવા (vii) અમારી આગોતરી અધિકૃતતા વિના આ વેબસાઇટના કોઇપણ ભાગને અન્ય કોઇ વેબસાઇટ સાથે "ફ્રેમ", "મિરર" અથવા અન્યથા જોડવો

**3. ગોપનીયતા નીતિ**

-

આ વેબસાઇટના ઉપયોગ કરવા દ્વારા, તમે આથી અમારી ગોપનીયતા નીતિમાં અમે દર્શાવ્યા મુજબ તમારી માહિતીનો ઉપયોગ કરવાની સંમતિ આપો છો આ ગોપનીયતા નીતિ એ વર્ણવે છે કે જ્યારે તમે વેબસાઇટને ઍક્સેસ કરો અને અન્ય આનુષંગિક સેવાઓનો ઉપયોગ કરો ત્યારે કંપની કેવી રીતે તમારી વ્યક્તિગત માહિતી સાથે કેવી રીતે વર્તે છે.

**4. તમારી નોંધણી/એકાઉન્ટ**

-

આ વેબસાઇટના તમારા વપરાશ અને અમારી પાસે નોંધણી કરવાને ધ્યાનમાં લેતા, તમે દર્શાવો છો કે તમે બંધનકર્તા કરાર કરવા માટે કાયદેસરની ઉંમર ધરાવો છો અને ભારતના કાયદાઓ અથવા લાગુ પડતા અન્ય અધારક્ષેત્ર હેઠળ સેવાઓ પ્રાપ્ત કરવા માટે પ્રતિબંધિત વ્યક્તિ નથી અને આ વેબસાઇટનો ઉપયોગ તમે ફક્ત તમારા અથવા જેમના માટે તમે કાનૂની રીતે કાર્ય કરવા અધિકૃત હો તેવી અન્ય વ્યક્તિ માટે વાજબી ખરીદીઓ કરવા માટે જ કરશો (અને તેવી વ્યક્તિઓને તમે TOU અને/અથવા ગોપનીયતા નીતિ વિષે જાણ કરશો) જે તેમના વતિ તમે કરેલી ખરીદીને લાગુ પડતી હોય (તેમાં લાગુ પડતા બધા નિયમો/અથવા ગોપનીયતા નીતિ સમાવિષ્ટ છે).

તમે સંમત થાઓ છો અને સમજો છો કે તમારા લૉગિન ID (જે પસંદ કરેલી સેવા અનુસાર લાગુ પડી શકે છે) સાથે તમને આ સેવા ઍક્સેસ કરવા દેતા પાસવર્ડની ગોપનીયતા જાળવવા માટે ફક્ત તમે પોતે જ જવાબદાર છો. એ લૉગિન ID અને પાસવર્ડ તમે પૂરા પાડેલા કોઇપણ મોબાઇલ નંબર અથવા અન્ય સંપર્ક માહિતી સાથે તમારી ("નોંધણી માહિતી")ની રચના કરે છે. તમે સંમત થાઓ છો કે તમે તમારા લૉગિન ID અને પાસવર્ડની ગોપનીયતા જાળવવા અને તમારા કમ્પ્યુટરના ઍક્સેસને પ્રતિબંધિત કરવા માટે તમે જવાબદાર છો. તમે તમારા એકાઉન્ટ અથવા પાસવર્ડ દ્વારા ઉદ્ભવતી બધી પ્રવૃત્તિઓ માટે જવાબદારી સ્વીકારવા સંમત થાઓ છો. તેના કારણે, અમે તમને પ્રત્યેક સેશનના અંતે તમારા એકાઉન્ટમાંથી બહાર નીકળવાની/લૉગઆઉટ કરવાની ભારપૂર્વક ભલામણ કરીએ છીએ. તમે તમારા એકાઉન્ટના કોઇપણ અનધિકૃત ઉપયોગ અથવા સુરક્ષા સંબંધી અન્ય કોઇ ઉલ્લંઘન વિષે કંપનીને તુરત જ જાણ કરવા સંમત થાઓ છો. તમે આગળ સંમત થાઓ છો કે જ્યાં સુધી સાબિત ના થાય કે

અનધિકૃત ઉપયોગ અથવા ઍક્સેસ સીધી રીતે ફક્ત કંપનીને કારણે થયું હોય ત્યાં સુધી કોઇપણ અનધિકૃત ઉપયોગ અથવા ઍક્સેસ માટે કંપનીને જવાબદાર માનવામાં આવશે નહી.

તમે તમારા પોતાના વિષે સાચી, ચોક્કસ અને પૂરી માહિતી આપશો અને તમારી નોંધણીની માહિતીમાં કોઇ બદલાવ થાય તો તેની તુરત જ જાણ/અપડેટ કરવાની અને હંમેશા તેને અદ્યતન અને ભૂલરહિત રાખવાની બાંયધરી આપો છો કારણ કે કંપની દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ અને આનુષંગિક સેવાઓની જોગવાઇ પર તેની સીધી અસર પડે છે. તમે તમારી ખોટી ઓળખ ના આપવા અથવા તો ગેરકાયદેસર રીતે આ વેબસાઇટને ઍક્સેસ અથવા સેવાઓનો ઉપયોગ કરવાનો પ્રયત્ન ના કરવા સંમત થાઓ છો. તમે પસંદ કરેલી સેવાઓની તમારી ખરીદી પર વધારાના નિયમો અને શરતો લાગુ પડશે. કૃપા કરીને આ વધારાના નિયમો અને શરતો કાળજીપૂર્વક વાંચો.

**5. કસ્ટમર ડ્યુ ડિલિજન્સની જરૂરીયાતો**

-

તમે સંમત થાઓ છો અને સમજો છો કે આ વેબસાઇટ દ્વારા હાથ ધરવામાં આવતી કોઇપણ નાણાકીય ટ્રાન્ઝેક્શન માટે, અમારી કંપની ગ્રાહક/કસ્ટમર ડ્યુ ડિલિજન્સના પગલાં લેશે અને KYCના ઉદ્દેશ માટે જરૂરી એવી ફરજિયાત માહિતી મેળવશે જેને લાગુ પડતા પ્રીવેન્શન ઓફ મની લૉન્ડરિંગ એક્ટ (“PMLA”) અનુસાર બેંક/નાણાકીય સંસ્થાઓ સાથેની તમારી લોન/ક્રેડિટ કાર્ડ/મ્યુચ્યુઅલ ફંડ અને અન્ય નાણાકીય ઉત્પાદનની જરૂરીયાતો વિષેની તમારી વિનંતી સંબંધી સગવડ પૂરી પાડતી વખતે એક ગ્રાહક રૂપે તમે આપવા માટે બંધાયેલા છો. અમારી કંપની તેના અથવા બેંક/નાણાકીય સંસ્થાઓના સંતોષ માટે પ્રત્યેક નવા ગ્રાહક/વપરાશકર્તાની ઓળખ સ્થાપિત કરવા અને તમારા અને બેંક/નાણાકીય સંસ્થા વચ્ચેના સંબંધના ઇચ્છિત ઉદ્દેશની ખાતરી કરવા માટે પૂરતી માહિતી પ્રાપ્ત કરી શકે છે. તમે સંમત થાઓ છો અને સ્વીકારો છો કે લાગુ પડતા PMLA એક્ટ અને નિયમો હેઠળની જરૂરીયાતો અને જવાબદારીઓ અનુસાર કસ્ટમર ડ્યુ ડિલિજન્સની જરૂરીયાતોના સંબંધમાં પોતાના સંતોષ માટે અમારી કંપની વ્યાપક ડ્યુ ડિલિજન્સના પગલાંઓ (જેમાં કોઇપણ દસ્તાવેજીકરણ સમાવિષ્ટ છે) લઇ શકે છે.

**6. યોગ્યતા**

-

તમે જાહેર અને પુષ્ટિ કરો છો કે તમે ભારતના રહેવાસી છો, 18 (અઢાર) વર્ષથી વધુ ઉંમર ધરાવો છો અને આ કંપની દ્વારા આપવામાં આવતી સેવાઓ પ્રાપ્ત કરતી વખતે ઇન્ડિયન કોન્ટ્રાક્ટ એક્ટ, 1872 હેઠળ સ્પષ્ટ કર્યા મુજબ કરાર કરવાની ક્ષમતા ધરાવો છો.

**7. સબમિટ કરેલી સામગ્રી**

-

આ વેબસાઇટ પર કોઇપણ ડેટા અને માહિતી સહિતની કોઇપણ સામગ્રી શેર અથવા સબમિટ કરવા દ્વારા, તમે સંમત થાઓ છો કે આ વેબસાઇટ પર તમારા દ્વારા પોસ્ટ કરવામાં આવતી બધી સામગ્રી માટે ફક્ત તમે જ જવાબદાર રહેશો અને આ વેબસાઇટ પર અથવા દ્વારા તમે ઉપલબ્ધ કરેલી કોઇપણ સામગ્રી માટે કંપની જવાબદાર રહેશે નહીં. કંપનીની પોતાની વિવેકબુદ્ધિ અનુસાર, આવી સામગ્રીને (પૂરી અથવા આંશિક કે ફેરફાર કરેલા સ્વરૂપમાં) આ સેવા અથવા આનુષંગિક સેવાઓમાં સમાવિષ્ટ કરવામાં આવી શકે છે. વેબસાઇટ પર તમારા દ્વારા સબમિટ અથવા ઉપલબ્ધ કરવામાં આવતી આવી સામગ્રીના સંબંધમાં, તમે કંપનીને ઉપયોગ, કૉપિ, વિતરિત, જાહેરમાં બતાવવા, ફેરફાર કરવા, તેમાંથી બીજી સામગ્રી તૈયાર કરવા અને આવી સામગ્રીઓનું અથવા આવી સામગ્રીના કોઇપણ ભાગનું પેટા લાઇસન્સ આપવા માટે કાયમી, અફર, બિન-સમાપ્તિપાત્ર, વિશ્વવ્યાપક, રોયલ્ટી મુક્ત અને બિન-વિશિષ્ટ લાઇસન્સ આપો છો. તમે સંમત થાઓ છો કે તમારા દ્વારા સબમિટ કરવામાં આવતી સામગ્રી માટે સંપૂર્ણ રીતે તમે જવાબદાર છો. આ વેબસાઇટ પર અથવા માંથી તમને આ પ્રકારની માહિતી પોસ્ટ અથવા પ્રસારિતથી પ્રતિબંધિત કરવામાં આવે છે: (i) કોઇપણ ગેરકાયદેસર, ધમકીભરી, અપમાનજનક, બદનક્ષીભરી, અશલીલ, પોર્નોગ્રાફિક અથવા એવી અન્ય સામગ્રી અથવા વસ્તુ જે જાહેરાત અને/અથવા ગોપનીયતાના અધિકારોનું ઉલ્લંઘન કરે અથવા કોઇપણ કાયદાનો ભંગ કરે; (ii) કોઇપણ વ્યાવસાયિક સામગ્રી અથવા વસ્તુ (જેમાં ભંડોળનો આગ્રહ કરવો અથવા કોઇપણ સામાન અથવા સેવાઓની જાહેરત અથવા માર્કેટિંગ કરવું સમાવિષ્ટ છે, પરંતુ તે એટલે સુધી જ મર્યાદિત નથી) અને (iii) એવી કોઇપણ સામગ્રી અથવા વસ્તુ જે કોઇપણ તૃતીય પક્ષના કોઇ કૉપિરાઇટ, ટ્રેડમાર્ક, પેટન્ટના અધિકાર અથવા મિલકતના અન્ય અધિકારનું ઉલ્લંઘન, ગેરઉપયોગ અથવા ભંગ કરે. ઉપરોક્ત પ્રતિબંધોના કોઇપણ ઉલ્લંઘનને કારણે અથવા આ વેબસાઇટ પર તમારા દ્વારા સામગ્રી પોસ્ટ કરવાના પરિણામે ઉદ્ભવતા અન્ય કોઇપણ નુકશાન માટે ફક્ત તમે જ જવાબદાર રહેશો.

**8. તૃતીય પક્ષની લિંક/ઑફર**

-

આ વેબસાઇટ અન્ય વેબસાઇટ અથવા સંસાધનોની લિંક પૂરી પાડી શકે છે. આવી તૃતીય પક્ષની વેબસાઇટો અને સંસાધનો પર કંપનીનું કોઇ નિયંત્રણ ના હોવાથી, તમે સ્વીકારો છો અને સંમત થાઓ છો કે આવી બહારની સાઇટો અથના સંસાધનોની ઉપલબ્ધતા માટે કંપની જવાબદાર નથી અને આવી સાઇટો અથવા સંસાધનો પરની અથવા તેના પરથી ઉપલબ્ધ થતી કોઇપણ સામગ્રી, જાહેરાત, ઉત્પાદનો અથવા અન્ય સામગ્રીઓનું સમર્થન કરતી નથી અથવા તેના માટે જવાબદાર નથી. તમે આગળ સ્વીકારો છો અને સંમત થાઓ છો કે આવી કોઇ સાઇટ અથવા સંસાધન પર અથવા દ્વારા ઉપલબ્ધ આવી કોઇપણ સામગ્રી, સામાન અથવા સેવાઓ દ્વારા અથવા તેના ઉપયોગ અથવા નિર્ભરતાને કારણે ઉદ્ભવતા કે કથિત રીતે થતા કોઇપણ નુકશાન અથવા હાનિ માટે કંપની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જવાબદાર અથવા કાયદેસર રીતે જિમ્મેદાર રહેશે નહીં. આ વેબસાઇટ દ્વારા ઍક્સેસ કરેલ કોઇપણ તૃતીય

પક્ષ સાથેની પ્રતિક્રિયા તમારા પોતાના જોખમ પર છે અને આવા કોઇપણ તૃતીય પક્ષોના કાર્યો, ત્રુટિઓ, ભૂલો, રજૂઆતો, વૉરંટીઓ, ઉલ્લંઘનો અથવા બેદરકારીની બાબતો માટે અથવા કોઇપણ વ્યક્તિગત ઇજાઓ, મૃત્યુ, મિલકતના નુકશાન અથવા અન્ય નુકશાનો અથવા તૃતીય પક્ષો સાથેની તમારી પ્રતિક્રિયાઓથી પરિણમતા અન્ય નુકશાનો અથવા ખર્ચાઓ માટે કંપની કાયદેસર રીતે જવાબદાર રહેશે નહીં.

**9. ગ્રુપ ઇન્શ્યોરન્સ પોલિસી**

-

તમે સમજો છો કે કંપની દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓના ભાગ રૂપે, જો તમે કંપનીના ગ્રાહક હો તો તે તમને આગળ વિવિધ વીમાકર્તાઓ તરફથી ગ્રુપ ઇન્શ્યોરન્સ કવરેજ આપી શકે છે જેના માટે પૈસાબજાર માર્કેટિંગ એન્ડ કન્સલ્ટિંગ પ્રાઇવેટ લિમિટેડ માસ્ટર પોલિસી હોલ્ડર (“MPH”) હશે. આવું વીમા કવરેજ ઇન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી ઓફ ઇન્ડિયા ("IRDAI") દ્વારા જારી કરવામાં આવેલા માર્દર્શનો અનુસારની નિયમો, શરતો અને બહિષ્કૃતિઓ, તેની મર્યાદાઓ દ્વારા સંચાલિત અને આધિન રહેશે.

**10. વૉરંટીનો અસ્વીકાર**

-

તમે સ્પષ્ટ રીતે સમજો છો અને સંમત થાઓ છો કે આ વેબસાઇટમાં સમાવિષ્ટ અથવા ઍક્સેસિબલ સેવાઓ, આનુષંગિક સેવાઓ અને બધી માહિતી, ઉત્પાદનો, અન્ય સેવાઓ (તૃતીય પક્ષોની સેવાઓ સહિત)નો તમારો ઉપયોગ ફક્ત તમારા જ જોખમ પર રહેશે. આ સેવાઓ અને આનુષંગિક સેવાઓ “જેમ છે તેમ” અને “ઉપલબ્ધતા”ના આધાર પર પૂરી પાડવામાં આવે છે. કંપની આ વેબસાઇટ અથવા સેવાઓની સામગ્રીની ચોક્સાઇ, વિશ્વસનીયતા અથવા પૂર્ણતા સંબંધી સ્પષ્ટ અથવા ગર્ભિત એવી કોઇ રજૂઆતો, વૉરંટીઓ અથવા બાંયધરીઓ આપતી નથી (ભલે તૃતીય પક્ષના સેવા પ્રદાતાઓ દ્વારા પ્રાયોજિત કરવામાં આવી હોય કે નહીં) અને કોઇ ખાસ ઉદ્દેશ માટે બિન-ઉલ્લંઘન અથવા ફિટનેસ સંબંધી કોઇપણ વૉરંટીઓનો સ્પષ્ટ રીતે અસ્વીકાર કરે છે.

કંપની આ સેવાઓમાં સમાવિષ્ટ અથવા ઍક્સેસિબલ એવી સેવાઓ, આનુષંગિક સેવાઓ અને બધી માહિતી, ઉત્પાદનો, સેવાઓ અને અન્ય સામગ્રી (તૃતીય પક્ષોની સામગ્રી સહિત)ની સ્પષ્ટ અથવા ગર્ભિત કોઇપણ પ્રકારની વૉરંટીઓનો સ્પષ્ટ રીતે અસ્વીકાર કરે છે, જેમાં મર્ચેન્ટેબિલિટીની ગર્ભિત વૉરંટીઓ કોઇ ખાસ ઉદ્દેશ અને બિન-ઉલ્લંઘન માટેની ફિટનેસ સમાવિષ્ટ છે, પરંતુ તે એટલે સુધી જ મર્યાદિત નથી.

કંપની અને તેના સેવા પ્રદાતાઓ, સંલગ્નો, વ્યાવસાયિક ભાગીદારો એવી કોઇ વૉરંટી આપતા નથી કે (i) આ સેવાઓ તમારી જરૂરીયાતોને સંતોષશે (ii) આ સેવાઓ અવિરત, સમયસર, સુરક્ષિત અથવા ભૂલ-રહિત હશે (iii) આ સેવાઓના ઉપયોગથી પ્રાપ્ત કરેલા પરિણામો ખરા અને વિશ્વસનીય હશે (iv) આ સેવાઓ દ્વારા તમારા વડે

ખરીદેલા અથવા પ્રાપ્ત કરેલા કોઇપણ ઉત્પાદનો, સેવાઓ, માહીતી અથવા અન્ય અન્ય સામગ્રી ગુણવત્તા અને (v) ટેક્નૉલોજીમાંની કોઇપણ ભૂલોને સુધારવામાં આવશે.
અમારી વેબસાઇટ પર ઉપલ્બધ અને સંદર્ભ દ્વારા આ TOUમાં સમાવિષ્ટ કરેલા ઉત્પાદનોની કિંમતો. નિર્દિષ્ટ કરેલી હોય કે નહીં તેવી બધી કિંમતો ભારતીય રૂપિયામાં છે. કંપનીના વ્યાવસાયિક ભાગીદારો દ્વારા આપવામાં આવતા ઉત્પાદનો અને સેવાઓની કિંમતો અને પૈસાબજારના પ્રત્યેક વ્યાવસાયિક ભાગીદારોની બ્રાન્ડના માર્ગદર્શનો અથવા અન્ય નિયમો અને શરતો અનુસાર બદલી શકે છે. અમુક કેસમાં કંપની દ્વારા આપવામાં આવતી સેવાઓ અને કિંમતોમાં અને તે આવી સેવાઓ અને કિમંતોમાં ફેરફાર કરવાનો અધિકાર ધરાવે છે. તમે આગળ બાંયધરી આપો છો કે લાગુ પડતા કાયદાઓ દ્વારા આપવામાં આવી શકે તેવી પરવાનગી અને કંપનીને સ્વીકાર્ય હોય શકે તે અનુસારની આવી ચૂકવણી સુવિધાઓનો ઉપયોગ દ્વારા ઉત્પાદનો ખરીદવા અથવા આ સેવાઓ પ્રાપ્ત કરવા માટે કંપનીના આ વ્યાવસાયિક ભાગીદારો સાથે કોઇપણ ટ્રાન્ઝેક્શન શરૂ કરવા દ્વારા તમે કાનૂની રીતે બંધનકર્તા અને અમલ યોગ્ય કરાર કરી રહ્યાં છો.

કંપની નોંધણી/સભ્યપદનો કોઇ ખર્ચ અથવા બ્રાઉઝિંગ શુલ્ક વસુલતી નથી. જો કે, કંપની કોઇપણ સમયે નોંધણી/સભ્યપદનો કોઇ ખર્ચ અથવા બ્રાઉઝિંગ શુલ્ક લેવાનો અધિકાર આરક્ષિત રાખે છે. કંપની લઇ શકે તેવા આવા બધા શુલ્ક વિષે વપરાશકર્તાઓને સૂચિત કરવામાં આવશે અને તેને વેબસાઇટ પર પોસ્ટ કર્યા બાદ તે તુરત જ આપમેળે લાગુ થઇ જશે. કંપની દ્વારા લેવામાં આવતા આ બધા શુલ્ક ભારતીય રૂપિયામાં હશે. આ વેબસાઇટના તમારા સતત ઉપયોગ કરવાને આ TOU ઉમેરેલી શરતોને સ્વીકૃત કરવાનું માનવામાં આવશે.

પ્રસંગ અનુસાર તમારી, પૈસાબજાર અને તેમના વ્યાવસાયિક ભાગીદારો વચ્ચે કલેક્શન, રિફંડ અને રેમિટન્સ તેમજ ચૂકવણીની સુવિધા પૂરી પાડવા માટે કંપની રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા અધિકૃત એવા તૃતીય પક્ષના પેમેન્ટ ગેટવે એગ્રીગેટર અને નાણાકીય સંસ્થાઓ સાથે કરારો કરી શકે છે. કંપની તમારા દ્વારા કરવામાં આવેલી ચૂકવણીઓની શરૂઆત કરશે અને લેડવડદેવડ પૂરી થવાની તારીખ તમને ઉત્પાદનો ડીલિવર કર્યા પછી અથવા તમને સેવાઓ આપ્યાની રહેશે અને પ્રસંગ અનુસાર આવો વધારાનો બીજો સમય વેબસાઇટ અને તેના વ્યાવસાયિક ભાગીદારો વચ્ચે સંમતિ થઇ શકે તે હશે.

વેબસાઇટ પર ઉપલબ્ધ કોઇપણ ચૂકવણી પદ્ધતિ(પદ્ધતિઓ) પ્રાપ્ત કરતી વખતે, નીચેની બાબતોને કારણે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉદ્ભવતા કોઇપણ નુકશાન અથવા હાનિ માટે કંપની કોઇપણ જવાબદારી લેશે અથવા સ્વીકારશે રહેશે નહીં:

- કોઇપણ ટ્રાન્ઝેક્શન(ટ્રાન્ઝેક્શનો)ની અધિકૃતતાનો અભાવ હોવો અથવા
- ટ્રાન્ઝેક્શનને કારણે ઉદ્ભવતી ચૂકવણીની કોઇપણ સમસ્યાઓ હોવી અથવા

- તમારા દ્વારા ઉપયોગ કરવામાં આવતી ચૂકવણી પદ્ધતિઓ (ક્રેડિટ/ડેબિટ કાર્ડની છેતરપિંડી વિગેરે) ગેરકાયદેસર હોવી;

- અન્ય કોઇપણ કારણ(કારણો)સર ટ્રાન્ઝેક્શન નકારવામાં આવવું

અહીં સમાવિષ્ટ કોઇપણ કારણ ઉપરાંત, જો તમારી/તમારા ટ્રાન્ઝેક્શનની વિશ્વસનીયતાથી સંતુષ્ટ ના હોય તો આ વેબસાઇટ સુરક્ષા અથવા અન્ય કારણોસર વધારાની પુષ્ટિ કરવાનો અધિકાર આરક્ષિત રાખે છે.

આ વેબસાઇટ દ્વારા પૂરી પાડવામાં આવેલી ચૂકવણી પદ્ધતિઓનો ઉપયોગ વેબસાઇટ પરના ઉત્પાદનો અથવા સેવાઓ સંબંધી ડીલિવરી ના મળવા, પહોંચ ના મળવા, ચૂકવણી ના મળવા, નુકશાન, રજૂઆતો અને વૉરંટીનો ભંગ, વેચાણ પછીની સેવાની જોગવાઇ ના હોવા અથવા વૉરંટી સેવાઓ અથવા છેતરપિંડી જેવી બાબતો માટે આ વેબસાઇટને કાયદેસર રીતે જિમ્મેદાર અથવા જવાબદાર માનશે નહીં. ટ્રાન્ઝેક્શનની પ્રક્રિયા ના થવાથી ઉદ્ભવતા કોઇપણ નુકશાન, હિત અથવા દાવાઓ માટે વેબસાઇટ જવાબદાર રહેશે નહીં.
તમે આથી આ વેબસાઇટ પર અથવા દ્વારા કોઇપણ સેવા અથવા ઉત્પાદન ખરીદવા માટે ક્રેડિટ/ડેબિટ માહિતી જેવી સાચી માહિતી પૂરી પાડવા સંમત થાઓ છો. તમે આગળ બાંયધરી આપો છો કે તમે એવી ચૂકવણી માહિતી અથવા ઇન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ કરશો નહીં જે કાયદેસર રીતે તમારી માલિકીની ના હોય. આ TOU ઉપરાંત, પ્રત્યેક વપરાશકર્તાને બેંક અથવા અન્ય નાણાકીય સંસ્થાના નિયમો અને શરતો પણ લાગુ રહેશે. આવી બેંક અથવા નાણાકીય સંસ્થા દ્વારા ચૂકવણી નકારવાથી ઉદ્ભવતી કોઇપણ જવાબદારીનો આ વેબસાઇટ અસ્વીકાર કરે છે. પૈસાબજાર તેની પોતાની વિવેકબુદ્ધિથી ટ્રાન્ઝેક્શની સંખ્યા પર મર્યાદા લાદી શકે છે, જેનો ઉપયોગ નાણાકીય ઇન્સ્ટ્રુમેન્ટ ધરાવતી વ્યક્તિ ઉત્પાદનો અથવા સેવાઓની ચૂકવણી માટે કરી શકે છે. તે ઉપરાંત, વેબસાઇટ આવી મર્યાદાને ઓળંગતા ટ્રાન્ઝેક્શનો પર પ્રક્રિયા કરવાનું અને શંકાસ્પદ શુલ્ક અને રકમ હોય તેવા તમારા દ્વારા કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શનો પર પ્રક્રિયા કરવાનું નકારવાના અધિકારને આરક્ષિત રાખે છે.

પૈસાબજાર એ ફક્ત તમને અસ્તિત્વ ધરાવતા અધિકૃત બેંકિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્રેડિટ કાર્ડ પેમેન્ટ ગેટવે નેટવર્કના (વેબસાઇટ અથવા તો સેવા પ્રદાતાઓના) ઉપયોગથી વપરાશકર્તા દ્વારા વેબસાઇટ પરથી ખરીદેલા ઉત્પાદનોની ચૂકવણી કરવા માટે ઑટોમેટેડ ઓનલાઇન ઇલેક્ટ્રોનિક પેમેન્ટ્સ (તેમના પોતાના અથવા પેમેન્ટ ગેટવેના સેવા પ્રદાતાઓ દ્વારા) પેમેન્ટ ચેનલો પૂરી પાડવા, કેશ ઓન ડીલિવરી, કલેક્શન અને રેમિટન્સ સુવિધા પૂરી પાડવા માટેના એક સુવિધાદાતા છે.

ઉત્પાદનો અથવા સેવાઓ ડીલિવર કરવાની નિષ્ફળતા અથવા વિલંબ થવા માટે પૈસાબજારને જવાબદાર માનવામાં આવશે નહીં અથવા કોઇ કાયદેસર જિમ્મેદારી સ્વીકારવામાં આવશે નહીં. ભારતની પ્રાદેશિક સીમાઓ બહાર ઉત્પાદનો/સેવાઓની કોઇ ડીલિવરી કરવામાં આવશે નહીં.

**11. કાયદેસર જિમ્મેદારીની મર્યાદાઓ**

-

તમે સ્પષ્ટ રીતે સમજો છો અને સંમત થાઓ છો કે કોઇપણ પ્રત્યક્ષ, પરોક્ષ, આકસ્મિક, વિશેષ, પરિણામ રૂપી અથવા ઉદાહરણ રૂપી નુકશાનીઓ તેના માટે કંપની (તેમની પેટાકંપનીઓ, સંલગ્નો, નિયામકો, અધિકારીઓ, કર્મચારીઓ, પ્રતિનિધિઓ અને પ્રદાતાઓ સહિત) કાયદેસર રીતે જિમ્મેદાર રહેશે નહીં, જેમાં નફો, તક, પ્રતિષ્ઠા, વપરાશ, ડેટા સંબંધી નુકશાનો અથવા અન્ય અમૂર્ત નુકશાનો સમાવિષ્ટ છે પરંતુ તે તેટલા સુધી જ મર્યાદિત નથી. કંપનીને નીચેની બાબતોના પરિણામે આવા નુકશાનો થવાની સંભાવના હોવાની સલાહ આપવામાં આવેલ હોવા છતાં કંપની જિમ્મેદાર રહેશે નહીં (i) કોઇપણ નિષ્ફળતા અથવા વિલંબ (આ વેબસાઇટના કોઇપણ ઘટકના ઉપયોગની મર્યાદા અથવા ઉપયોગની અસમર્થતા સહિત) અથવા (ii) વેબસાઇટ અથવા સામગ્રીનો કોઇ ઉપયોગ અથવા (iii) અમારા અથવા અમારા પ્રદાતાની કામગીરી અથવા બિન-કામગીરી, આવા પક્ષો અથવા અન્ય કોઇપણ પક્ષને નુકશાનો થવાની સંભાવના વિષે અમને સલાહ આપેલ હોવા છતાં અથવા (b) આ વેબસાઇટના તમારા ઍક્સેસ અથવા આ વેબસાઇટ પરથી કોઇ સામગ્રી ડાઉનલોડ કરવાના પરિણામે વાઇરસ દ્વારા તમારા કમ્પ્યુટર ઉપકરણ અથવા અન્ય કોઇ મિલકતને સંક્રમિત કરવા દ્વારા થતા કોઇપણ નુકાશનો.

ઉપરોક્ત બાબતો ઉપરાંત, જો ઉપરોક્ત વર્ણવેલી કોઇપણ ઘટનાઓ દ્વારા ઉદ્ભવે અથવા કોઇપણ રીતે તેની સાથે સંકળાયેલ હોવાના કોઇ સાબિત કરેલા અને વાસ્તવિક નુકશાન કે હાનિ માટે કંપની જિમ્મેદાર હોવાનું જોવા મળે તો, તમે સંમત થાઓ છો કે કંપનીની આર્થિક જિમ્મેદારી એકંદરે આ વેબસાઇટ પરના આવા ટ્રાન્ઝેક્શન(ટ્રાન્ઝેક્શનો)/સેવાઓના સંબંધમાં તમારા દ્વારા કંપનીને ચૂકવેલ કોઇપણ સેવા/ટ્રાન્ઝેક્શનલ શુલ્ક પૂરતી જ મર્યાદિત રહેશે, જો લાગુ પડતું હોય તો.

કંપનીની વેબાસઇટ દ્વારા તમને પૂરી પાડવામાં આવતી તૃતીય પક્ષની વેબસાઇટો પર કંપનીનું કોઇ નિયંત્રણ હોતું નથી. તમે સ્વીકારો છો અને સંમત થાઓ છો કે કોઇપણ તૃતીય પક્ષના સેવા પ્રદાતા દ્વારા આપવામાં અથવા પૂરી પાડવામાં આવતી સેવાઓના તમારા ઉપયોગ માટે કોઇપણ સંજોગોમાં કંપની જિમ્મેદાર રહેશે નહીં.

**12. ક્ષતિપૂર્તિ**

-

કોઇપણ દાવાઓ, કાર્યવાહીના કારણો, માંગણીઓ, વસૂલાતો, નુકશાનો, હાનિઓ, દંડ, શિક્ષા અથવા અન્ય ખર્ચ કે વકીલોની વાજબી ફી સહિત કોઇપણ જાત અથવા પ્રકારના ખર્ચાઓ અથવા આ TOUના તમારા ભંગ દ્વારા અથવા સંબંધી, કોઇપણ કાયદા અથવા તૃતીય પક્ષના અધિકારોના તમારા ભંગ અથવા આ વેબસાઇટના તમારા ઉપયોગ દ્વારા ઉદ્ભવતી ક્ષતિની ક્ષતિપૂર્તિ કરવા અને કંપની (અને તેના સંલગ્નો, અધિકારીઓ, નિયામકો, એજન્ટો અને કર્મચારીઓ)ને નિર્દોષ રાખવા સંમત થાઓ છો, જેમાં

તમે દાવો માંડશો નહીં અથવા અન્યથા કોઇ માંગ કે દાવો અથવા તેની રજૂઆત કરશો નહીં અને કંપની, તેના અધિકારીઓ, નિયામકો, કર્મચારીઓ, એજન્ટો, લાઇસન્સ ધારકો, સંલગ્નો, અનુગામીઓ અને નિમેલી વ્યક્તિઓને સંયુક્ત અથવા વ્યક્તિગત રીતે (હવે આગળ “રિલીઝ” તરીકે સંદર્ભ આપવામાં આવ્યો છે) એવી કોઇપણ અને બધા પ્રકારની જિમ્મેદારીઓ, દાવાઓ, માંગણીઓ, નુકશાનો, દાવાઓ, ફરિયાદો, કોસ્ટ અને ખર્ચાઓ (કોર્ટ ખર્ચ અને વકીલની વાજબી ફી સહિત) (“નુકશાનો”) સામે અફર, બિનશરતી અને સંપૂર્ણ રીતે મુકત રાખશો જે કોઇપણ રીતે કોઇ કાયદા અથવા ઇક્વિટીમાં જાણી કે અજાણી રીતે તમને અગાઉ ક્યારેય થયા હોય, હાલમાં થયા હોય અથવા ભવિષ્યમાં આ સેવાઓની બાબતમાં રિલીઝ સામે થઇ શકે છે. આ અધિકૃતતા દ્વારા અને સંબંધી ઉદ્ભવતા તૃતીય પક્ષોના કંપની પરના દાવાઓ સામે કરેલા દાવાઓ દ્વારા પરિણમતા કોઇપણ અને બધા નુકશાનોથી અને સામે રિલીઝનો બચાવ કરવા, ક્ષતિપૂર્તિ કરવા અને નિર્દોષ રાખવા સંમત થાઓ છો.

**13. વધારાના નિયમો અને શરતો**

-

કંપની કોઇપણ સમયે તેમને યોગ્ય લાગે એ રીતે આ વેબસાઇટ, સંબંધિત નીતિઓ અને કરારો, આ TOU અને ગોપનીયતા નીતિમાં બદલાવો કરવાના અધિકારને આરક્ષિત રાખે છે જેમાં કાયદા અથવા નિયમોના બદલાવોનું પાલન, ભૂલો, ત્રુટીઓ, ભૂલો અથવા અસ્પષ્ટતાઓ સુધારવી, પ્રક્રિયાના પ્રવાહ, સેવાઓ અને આનુષંગિક સેવાઓના અવકાશ અને પ્રકૃતિમાં બદલાવો પ્રતિબિંબિત કરવા સમાવિષ્ટ છે, પરંતુ તે તેટલા સુધી જ મર્યાદિત નથી. બદલાવ થયે કંપની આ વેબાસાઇટ અથવા અન્ય રીતે અપડેટ કરેલી શરતો વિષે સૂચિત કરશે. આ સેવાઓ અને આનુષંગિક સેવાઓનો તમારો સતત ઉપયોગ સુધારા અનુસારના બદલાવોની સ્વીકૃતિ અને શરતો સાથે બંધનકર્તા રહેવાના કરારનું નિર્માણ કરે છે. જો તમે બદલાવો સાથે સમંત ના હો તો, તમે કૃપા કરીને આ સેવાઓ અને આનુષંગિક સેવાઓનો ઉપયોગ કરવાનું બંધ કરી શકો છો.

ફક્ત સેવાઓ અને/અથવા વેબસાઇટની અમુક સુવિધાઓ/સામગ્રીઓના બદલાવ અથવા સેવાઓની સુરક્ષા અને અખંડિતતા જાળવવાની બાબત સિવાય, કંપની શ્રેષ્ઠ પ્રયાસ રૂપે યોગ્ય સમયગાળાની સૂચના આપવા દ્વારા આનુષંગિક સેવાઓ સહિત આ સેવાઓને અસ્થાયી અથવા કાયમી રૂપે બંધ અથવા રદ કરવાના અધિકારને

આરક્ષિત રાખે છે. તમે સંમત થાઓ છો કે આ સેવાઓના કોઇપણ ફેરફાર અથવા બંધ કરવા માટે કંપની કોઇપણ રીતે તમારા પ્રત્યે જિમ્મેદાર રહેશે નહીં.

તમે આ સેવાઓ અને આનુષંગિક સેવાઓનો ગેરકાયદેસર ઉદ્દેશો માટે ઉપયોગ ના કરવા અથવા ગેરકાયદેસર, ત્રાસદાયક, અપમાનજનક (ખોટી અને અન્ય માટે નુકશાનકારક), અન્ય લોકોની ગોપનીયતા પ્રત્યે આક્રમક, નિંદાત્મક, ધમકીભરી અથવા અશ્લીલ અથવા અન્ય લોકોના અધિકારોનો ભંગ કરે તેવી સામગ્રી પ્રસારિત ના કરવા માટે સંમત થાઓ છો.

કંપની તેની વેબસાઇટ અને/અથવા સેવાઓ/આનુષંગિક સેવાઓની જાહેરાતના ઉદ્દેશ સાથે સમય-સમય પર અમુક ઑફરો જાહેર કરે છે ("પ્રમોશનલ ઑફર/ઑફરો"). આ પ્રમોશલ ઑફર(ઑફરો) હંમેશા આ TOU ઉપરાંત જો કોઇ નિર્ધારિત કરી હોય તો અમુક વધારાના નિયમો અને શરતો દ્વારા સંચાલિત થશે. જો નિર્ધારિત કર્યા હોય તો, જણાવેલા વધારાના નિયમો અને શરતો ફક્ત સંબંધિત પ્રમોશનલ ઑફર સંબંધી જ હશે અને તે આ શરતો સાથે વિરોધાભાસી હોય ત્યાં સુધી આ TOU પર વર્ચસ્વ ધરાવશે. કંપની તેમની વિવેકબુદ્ધિ અનુસાર તેને સંચાલિત કરતી શરતોને પાછી લેવાના, બંધ કરવાના, ફેરફાર કરવાના અને તે પ્રમોશનલ ઑફર(ઑફરો)ને વધારવા અથવા રદ કરવાના અધિકારને આરક્ષિત રાખે છે.

**14. સર્વસામાન્ય**

-

જો આમાંથી કોઇપણ શરતોને અમાન્ય, રદબાતલ અથવા કોઇપણ કારણસર બિન-અમલપાત્ર માનવામાં આવે તો, પક્ષો સંમત થાય છે કે અદાલતે જોગવાઇમાં આપ્યા અનુસાર પક્ષોના ઇરાદાઓને પ્રભાવ આપવાનો પ્રયત્ન કરવો જોઇએ અને બિન-અમલપાત્ર શરતને સ્વતંત્ર માનવામાં આવશે અને તે બાકીની કોઇપણ શરતોની માન્યતા અને અમલીકરણને પ્રભાવિત કરશે નહીં. મથાળાઓ ફક્ત સંદર્ભના ઉદ્દેશો માટે જ છે અને એ તેવા વિભાગના અવકાશ અથવા વિસ્તારને મર્યાદિત કરતા નથી. આ TOU અને તમારા તેમજ કંપની વચ્ચેના સંબંધને ભારતના કાયદાઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે. તેના ભંગ અને અંત સહિત આ કરાર દ્વારા અથવા સંબંધમાં ઉદ્ભવતી કોઇપણ તકરાર, વિવાદ અથવા દાવાની પતાવટ આર્બિટ્રેશન એન્ડ કન્સિલિએશન એકટ, 1996ની જોગવાઇઓ અથવા તેના સુધારા અનુસાર કંપની અને તમારા દ્વારા પારસ્પરિક રીતે નિયુક્ત કરેલા એક સ્વતંત્ર મધ્યસ્થી દ્વારા કરવામાં આવશે. આપણે એક સ્વતંત્ર મધ્યસ્થીની સંમતિ પર ના પહોંચી શકીએ તેવા પ્રસંગે, આપણે ત્રણ મધ્યસ્થીઓની એક પેનલ નિયુક્ત કરવા સંમત થઇએ છીએ જેમાં આપણા દરેક દ્વારા એક મધ્યસ્થી નિયુક્ત કરવામાં આવશે અને તે બન્ને મધ્યસ્થીઓ દ્વારા એક ત્રીજા મધ્યસ્થીની નિયુક્તિ કરવામાં આવશે. મધ્યસ્થીનું સ્થળ ગુરુગ્રામ રહેશે. આ મધ્યસ્થી પ્રક્રિયા અંગ્રેજી ભાષામાં હાથ ધરવામાં આવશે અને કોઇપણ નિર્ણય અથવા નિર્ણયો અંગ્રેજીમાં આપવામાં આવશે. આ વેબસાઇટ ખાસ કરીને તમને એવા દેશો અથવા

અધિકારક્ષેત્રોમાંથી તેમની કોઇપણ સેવાઓનો ઉપયોગ કરવાથી પ્રતિબંધિત કરે છે જે આ બધી શરતોનું સમર્થન કરતા ના હોય. આ વેબસાઇટ ખાસ કરીને ભારતીય ક્ષેત્રના વપરાશકર્તાઓ માટે છે. કોઇ વિવાદ ન્યાયાલય કે અર્ધ ન્યાયાલય તે ગુરુગ્રામનું વિશેષ અધિકારક્ષેત્ર ધરાવતી અદાલતોમાં ભારતીય કાયદાઓને આધિન રહેશે. તમારા અથવા અન્ય લોકો દ્વારા થતા ભંગ સામે કાર્યવાહી કરવાની કંપનીની નિષ્ફળતા અનુગામી અથવા સમાન ભંગ સામે કાર્યવાહી કરવાના તેના અધિકારનો ત્યાગ કરતી નથી. આ TOU તમારા અને કંપની વચ્ચેના પૂરા કરારનું નિર્માણ કરે છે અને આ વેબસાઇટના તમારા વપરાશને સંચાલિત કરે છે અને તે આ વેબસાઇટ સંબંધી તમારા અને કંપની વચ્ચેના અગાઉના કોઇપણ કરારોને રદ કરે છે.

PaisaBazaar.com
પ્લોટ નં. 135,

સેક્ટર-44, ગુડગાંવ-122001,

હરિયાણા

ટેલી. - 0124 - 4562900

ફેક્સ - 0124 - 4562902

ઈમેલ : **care@paisabazaar.com.**

જો તમને અમારી ગોપનીયતા નીતિ સંબંધી કોઇ પ્રશ્નો, ચિંતાઓ અથવા સૂચનો હોય તો, અમારા અમારો સંપર્ક કરો પેજ પરની માહિતી દ્વારા અથવા **care@paisabazaar.com** પર અમારો સંપર્ક કરી શકાય છે.

છેલ્લે અપડેટ કર્યાની તારીખ - **06/11/2019**